# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-01-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

**************************************************

1. સ્પેનિશ સમકક્ષ સાથેની વાતચીતમાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું કે, વૈશ્વિક મુદ્દાઓ પર દેશોનો પારસ્પરિક સહયોગ આજની અનિવાર્ય આવશ્યકતા.
2. દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારે કહ્યું કે, બૂથ લેવલ અધિકારીઓ દેશમાં ચૂંટણી માટેનો આધારસ્તંભ.
3. નાસા અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ 27 વર્ષની નોંધપાત્ર સેવા બાદ અવકાશ એજન્સીમાંથી નિવૃત્ત થયાં.
4. પ્રારંભિક મોટા કડાકા બાદ ભારતીશ શેરબજારમાં સુધારો.
5. નાગપુરમાં આજે ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે પહેલી ટી-20 મેચ રમાશે.

,,.......................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

## JAISHANKAR- SPANISH FM

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું છે કે આતંકવાદ સામે લડવા સહિતના મુદ્દાઓ પર  વિશ્વના દેશોએ સહયોગ કરવો વર્તમાન સમયમાં અનિવાર્ય આવશ્યકતા બની ગઇ છે. ખાસ કરીને. ડૉ. જયશંકરે આજે નવી દિલ્હીમાં તેમના સ્પેનિશ સમકક્ષ જોસ મેન્યુઅલ આલ્બારેસ બ્યુનો સાથેની વાતચીતના પ્રારંભિક સત્ર દરમિયાન આ મુદ્દા પર ભાર મૂક્યો હતો.

તેમણે કહ્યું કે ભારત અને સ્પેન બંને આતંકવાદનો ભોગ બન્યા છે. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો કે વૈશ્વિક વ્યવસ્થામાં સઘન પરિવર્તન આવી રહ્યું છે અને વિશ્વએ આતંકવાદ પ્રત્યે શૂન્ય-સહિષ્ણુતાનો અભિગમ અપનાવવો જરૂરી છે..

ડૉ. જયશંકરે કહ્યું કે ભારત આવતા મહિને નવી દિલ્હીમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ઇમ્પેક્ટ સમિટ 2026નું આયોજન કરશે. તેમણે ભાર મૂક્યો કે AI પ્રત્યે ભારતનો અભિગમ માનવ-કેન્દ્રિત, સમાવિષ્ટ અને જવાબદાર અને નૈતિક મૂલ્યો પર કેન્દ્રિત છે, જે યુરોપના અભિગમ સાથે ગાઢ રીતે સુસંગત છે.

. . . . . . . . . . . . . . . . . . . .

## ECI-THREE DAY CONFERENCE

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે કહ્યું છે કે બૂથ લેવલ અધિકારીઓ દેશમાં ચૂંટણી માટે પાયાનો આધારસ્તંભ છે. આજે નવી દિલ્હીમાં ઇન્ડિયા ઇન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન ડેમોક્રેસી એન્ડ ઇલેક્શન મેનેજમેન્ટ 2026 ને સંબોધતા શ્રી કુમારે કહ્યું કે, ભારત લોકશાહીની જનેતા છે અને લોકશાહીને મજબૂત બનાવવા માટે દરેક લાયક મતદારનો સમાવેશ કરીને પારદર્શક મતદાર યાદી જરૂરી છે.

ત્રણ દિવસીય પરિષદમાં વિશ્વભરના 70 થી વધુ દેશોનું પ્રતિનિધિત્વ કરતા લગભગ એકસો આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ આ પરિષદમાં ભાગ લઈ રહ્યા છે. આંતરરાષ્ટ્રીય સંગઠનો, ભારતમાં સ્થિત વિદેશી મિશનના પ્રતિનિધિઓ, તેમજ શૈક્ષણિક વિદ્વાનો અને ચૂંટણી વ્યવસ્થાપનના ક્ષેત્રમાં કાર્યરત  નિષ્ણાતો પણ આ કાર્યક્રમમાં હાજરી આપી રહ્યા છે.

આ પરિષદ દરમિયાન, કમિશન વિવિધ ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થાઓ (EMBs) સાથે 40 થી વધુ દ્વિપક્ષીય બેઠકો યોજશે જેથી વૈશ્વિક સ્તરે સામનો કરી રહેલા સહિયારા ચૂંટણી પડકારો પર સંવાદ અને સહયોગને વધુ સુદ્રઢ બનાવી શકાય.

. . . . . . . . . . . . . . . . . . . . .

**PREZ- PM STATEHOOD DAY**

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મેઘાલય, ત્રિપુરા અને મણિપુરના લોકોને રાજ્ય સ્થાપના દિવસની શુભેચ્છાઓ પાઠવી છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે, આ રાજ્યો સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો, જીવંત પરંપરાઓ અને અસાધારણ કુદરતી સૌંદર્ય ધરાવે છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે, આ રાજ્યોના સાહસિક અને પ્રતિભાશાળી લોકોએ રાષ્ટ્રની પ્રગતિમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. તેમણે આ રાજયોના લોકોને શાંતિ અને સમૃદ્ધિથી ભરપૂર ભવિષ્યની શુભેચ્છા પાઠવી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું કે મેઘાલયના લોકોએ રાષ્ટ્રના વિકાસમાં મજબૂત યોગદાન આપ્યું છે.

તેમણે જણાવ્યુ કે, મણિપુરના લોકો દેશની પ્રગતિને સમૃદ્ધ બનાવી રહ્યા છે. રમતગમત, સંસ્કૃતિ અને પ્રકૃતિ પ્રત્યે રાજ્યનો જુસ્સો નોંધપાત્ર છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, ત્રિપુરાની યાત્રા - પરંપરા અને આધુનિકતાના અદ્ભુત મિશ્રણથી ચિહ્નિત થયેલ છે. શ્રી મોદીએ કહ્યું કે ત્રિપુરાએ વિવિધ ક્ષેત્રોમાં અગ્રણી પરિવર્તનો જોયા છે અને તેના લોકો રાષ્ટ્રના વિકાસના માર્ગમાં ગતિ ઉમેરી રહ્યા છે.

શ્રી મોદીએ ત્રણેય રાજ્યની સમૃદ્ધિની કામના કરી.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## GOVT - RAW JUTE

સરકારે શણ મિલો માટે કાચા શણની પુરવઠા મર્યાદા વધારવાનો નિર્ણય લીધો છે, જ્યારે વેપારીઓ માટે માન્ય પુરવઠા મર્યાદામાં ઘટાડો કર્યો છે. આ પગલુ મિલો અને MSME માટે કાચા શણની ઉપલબ્ધતા સુધારવા અને શણ કામદારો અને ખેડૂતોના હિતોનું રક્ષણ કરવામાં મદદરૂપ બનશે.

આ સંદર્ભમાં સૂચના ટૂંક સમયમાં જાહેર કરાશે. કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજ સિંહે ગઈકાલે નવી દિલ્હીમાં વરિષ્ઠ અધિકારીઓ સાથે કાચા શણના ઊંચા ભાવોના મુદ્દાની સમીક્ષા કરી હતી.

શ્રી સિંહે શણ મિલો અને MSME માટે કાચા શણની પૂરતી ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે શણ કમિશનરને પરવાનગી પાત્ર સ્ટોક મર્યાદાથી વધુ સંગ્રહખોરી શોધવા અને તેના વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે ઝુંબેશને વધુ તીવ્ર બનાવવાનો નિર્દેશ આપ્યો હતો.

. . . . . . . . . . . . . . . .

## AMRIT UDYAN-OPEN

રાષ્ટ્રપતિ ભવનના પરિસરમાં આવેલું અમૃત ઉદ્યાન, આગામી મહિનાની 3 તારીખથી 31 માર્ચ સુધી જાહેર જનતા માટે ખુલ્લું રહેશે. આ બગીચો સવારે 10થી સાંજે 6 વાગ્યા સુધી ખુલ્લો રહેશે, જેમાં છેલ્લી એન્ટ્રી સાંજે 5:15 વાગ્યે થશે. બગીચો સોમવારે જાળવણી માટે અને 4 માર્ચે હોળીના પ્રસંગે બંધ રહેશે. મુલાકાતીઓ માટે બગીચામાં પ્રવેશ નિ:શુલ્ક રખાયેલ છે.

પ્રવેશ મેળવવા મુલાકાતીઓ visit.rashtrapatibhavan.gov.in પર ઓનલાઇન અથવા ગેટ નંબર 35 ની બહાર સ્થિત સેલ્ફ-સર્વિસ કિઓસ્ક દ્વારા ઓફલાઇન બુક કરાવી શકે છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# NASA - SUNITA WILLIAMS RETIRED

નાસા અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સે 27 વર્ષની નોંધપાત્ર સેવા બાદ અવકાશ એજન્સીમાંથી નિવૃત્તિ લીધી. ગયા મહિનાની 27મી તારીખથી અમલમાં આવનારી નિવૃત્તિની જાહેરાત નાસા દ્વારા આજે સવારે કરવામાં આવી હતી,

નાસાએ એક પ્રેસ નિવેદનમાં જણાવ્યું હતું કે, વિલિયમ્સે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક માટે ત્રણ મિશન પર ઉડાન ભરી હતી, 608 દિવસ અવકાશમાં વિતાવ્યા હતા, જે નાસા અવકાશયાત્રી માટે બીજા ક્રમે હતા, અને કુલ 62 કલાકથી વધુના નવ સ્પેસવોક પૂર્ણ કર્યા હતા, જે એક મહિલા દ્વારા સૌથી વધુ હતા. તે અવકાશમાં મેરેથોન દોડનાર પ્રથમ વ્યક્તિ પણ હતી.

ભારતીય મૂળના વિલિયમ્સે પહેલી વાર 2006માં સ્પેસ શટલ ડિસ્કવરીમાં ઉડાન ભરી હતી અને બાદમાં એક્સપિડિશન 33 દરમિયાન ISSના કમાન્ડર તરીકે સેવા આપી હતી. તેમનું સૌથી તાજેતરનું મિશન

2024-2025માં બોઇંગ સ્ટારલાઇનર અને સ્પેસએક્સ ક્રૂ-9 પર હતું, જ્યાં તેમણે એક્સપિડિશન 72નું નેતૃત્વ કર્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . .

# SPAIN RAIL ACCIDENT

એક અઠવાડિયાની અંદર સ્પેનમાં બીજો ટ્રેન અકસ્માત થયો છે જેમાં ડ્રાઇવરનું મોત થયું છે અને 37 ઘાયલ થયા છે. મંગળવારે સ્પેનિશ શહેર બાર્સેલોના નજીક ગેલિડામાં આ અકસ્માત થયો હતો.

કૈટેલોનીયા પ્રાદેશિક સરકારના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, ટ્રેન દેશના ઉત્તરપૂર્વ ભાગમાં ગેલિડા અને સેન્ટ સડેર્ની ડી'એનોઇયા નગરપાલિકા વચ્ચે ચાલે છે. દરરોજ હજારો લોકો આ ટ્રેનનો ઉપયોગ કરે છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# GAZA - BOARD OF PEACE

સંયુક્ત આરબ અમીરાત- UAEના રાષ્ટ્રપ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાને નવા રચાયેલા ગાઝા શાંતિ બોર્ડમાં જોડાવા અમેરિકાનું આમંત્રણ સ્વીકાર્યું છે.

UAEના નાયબ વડાપ્રધાન અને વિદેશ મંત્રી, શેખ અબ્દુલ્લા બિન ઝાયેદ અલ નાહ્યાનના જણાવ્યા અનુસાર, UAE ગાઝા શાંતિ બોર્ડમાં જોડાશે, જે શ્રી ટ્રમ્પની 20-મુદ્દાની શાંતિ યોજના અને પેલેસ્ટિનિયન લોકોના અધિકારો પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

શ્રી ટ્રમ્પે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રશિયના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિનને પણ આ બોર્ડમાં જોડાવા માટે આમંત્રણ આપ્યું છે.

વ્હાઇટ હાઉસના નિવેદન અનુસાર, 1 અબજ ડોલરનું યોગદાન આપનારા દેશો કાયમી બોર્ડ બેઠકોમાં, જ્યારે અન્ય દેશો ત્રણ વર્ષ માટે બેઠકોમાં ભાગ લઈ શકશે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## U.S. MILITARY - VENEZUELA OIL TANKER

વેનેઝુએલાના તેલ નિકાસને નિયંત્રિત કરવાના ટ્રમ્પ વહીવટીતંત્રના પ્રયાસોના ભાગરૂપે, અમેરિકન સૈન્યએ વેનેઝુએલાન સાતમા તેલ ટેન્કરને જપ્ત કર્યું છે.

યુ.એસ. સધર્ન કમાન્ડ અનુસાર, મોટર વેસલ સગીટ્ટાને કોઈપણ સંઘર્ષ વિના જપ્ત કરવામાં આવ્યું હતું. આ જહાજ કેરેબિયનમાં મંજૂર જહાજો પર અમેરિકા. દ્વારા જાહેર કરાયેલ ક્વોરેન્ટાઇનનું ઉલ્લંઘન કરીને

કાર્યરત હતું. આ ટેન્કર લાઇબેરિયામાં નોંધાયેલ છે અને હોંગકોંગમાં એક કંપનીની માલિકીનું છે. તેના પર યુ.એસ. ટ્રેઝરી દ્વારા પ્રતિબંધ લદાયો હતો અને અહેવાલ મુજબ તે વેનેઝુએલાના તેલનું વહન કરતું હતું.

યુ.એસ. દળો દ્વારા પ્રસિધ્ધ એક વિડિઓમાં સગીદ્દાને સમુદ્રમાં દર્શાવવામાં આવ્યો હતો, પરંતુ અગાઉના જપ્તીઓથી વિપરીત, તેમાં સૈનિકો જહાજ પર ચઢતા દેખાતા નહોતા. રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે યુ.એસ. પહેલાથી જ લાખો બેરલ વેનેઝુએલાના તેલ લઈ ચૂક્યુ છે અને તેલના ભાવ ઘટાડવામાં મદદ કરવા માટે તેને ખુલ્લા બજારમાં વેચી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## TRUMP - EMERGENCY G7 MEETING

અમેરિકના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન દ્વારા બોલવાયેલી G7 દેશોની કટોકટી બેઠકમાં હાજરી આપવાનો ઇનકાર કર્યો છે. ટ્રમ્પે કહ્યું કે તેઓ આ બેઠકમાં હાજરી આપશે નહીં કારણ કે તેઓ માને છે કે ફ્રાંસમાં શ્રી મેક્રોનની નેતૃત્વની ભૂમિકા સમાપ્ત થઈ રહી છે.

અગાઉ, શ્રી મેક્રોને દાવોસમાં ટ્રમ્પને G7 બેઠક માટે આમંત્રણ આપ્યું હતું અને યુક્રેન, ડેનમાર્ક, સીરિયા અને રશિયાને લગતી વાટાઘાટોનું સૂચન

કર્યું હતું. જ્યારે ટ્રમ્પે કહ્યું કે તેમની પાસે પહેલાથી જ દાવોસમાં બેઠકનું આમંત્રણ છે, જેમાં ગ્રીનલેન્ડ અંગેની ચર્ચાનો સમાવેશ થાય છે.

શ્રી મેક્રોને વર્લ્ડ ઇકોનોમિક ફોરમમાં અમેરિકાની વેપાર નીતિઓની આકરી ટીકા કરી હતી.

. . . . . . . . . . . . . . . .

## MARKET

વિશ્વની વર્તમાન રાજકીય પરીસ્થિતી વચ્ચે આજે ભારતીય શેરબજારમાં પ્રાંરભિક તબક્કે મોટું ગાબડુ પડ્યું હતું. ગૃહ વપરાશની ચીજવસ્તુઓ , આઇટી જેવા ક્ષેત્રોમાં ભારે વેચવાલીને કારણે સેન્સેક્સ 850 અને નિફ્ટી 220થી વધુ પોઇન્ટ ગગડી ગયો હતો.

જોકે ત્યારે બાદ માર્કેટમાં સુધારો થયો હતો અને ઘટેલું શેરબજાર ઉચકાયું હતું. છેલ્લા અહેવાલ મળ્યાં ત્યારે સેન્સેક્સમાં 140 અને નિફ્ટીમાં 40થી વધુ પોઇન્ટનો વધારો જોવા મળ્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## CRICKET - IND VS NZ T20

પુરુષો ક્રિકેટમાં, ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે આજે પાંચ મેચની T-20 આંતરરાષ્ટ્રીય શ્રેણીની પહેલી મેચ નાગપુરના વિદર્ભ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ ખાતે રમાશે. આ મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે.

સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ભારતીય ટીમ માટે આ એક મહત્વપૂર્ણ શ્રેણી રહેશે. મેચની પૂર્વસંધ્યાએ બોલતા, સૂર્યકુમાર યાદવે જણાવ્યુ કે ઇશાન કિશન ત્રીજા નંબરે રમશે.

આગામી શુક્રવારે રાયપુરના શહીદ વીર નારાયણ સિંહ આંતરાષ્ટ્રીય સ્ટેડિયમ ખાતે બીજી મેચ રમાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . .